૩

બોટાદ, બનાસકાંઠા અને વલસાડ ખાતે
૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચીલ્ડ્રન
હોમ ફોર ગર્લ્સના મંજુર થયેલ જગ્યાના
મહેકમની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૨૦/૫૪૫૮૫૧/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૨ /૦૬/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/ ૧૦૨૦૨૦/૫૪૫૮૫૧/છ, તા.૦૫.૦૧.૨૦૨૨, તા.૩૦/૪/૨૦૨૨.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાના પત્ર ક્ર.નં.મકમ/હંગામી જગ્યા/મુ.વ/૨૦૨૨/૪૩૧, તા.૨૧/૧/૨૦૨૨.

આમુખ :-

વંચાણે લીધેલા ક્રમ (૧) થી રાજયમાં કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળી કિશોરીઓ માટે બોટાદ, બનાસકાંઠા અને વલસાડ જિલ્લામાં ૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચીલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ (કિશોરીઓ માટે) શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી, સદર ૩(ત્રણ) સંસ્થાઓની હંગામી અને ૧૧ માસ માટે આઉટસોર્સની કુલ-૫૧ જગ્યાઓના મહેકમની મુદ્દત તા.૩૧/૦૩/૨૦૨૨ના રોજ પુરી થતા, વંચાણે લીધેલા ક્રમ (૨) થી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ આ ત્રણ સંસ્થાઓની કુલ-૫૧ જગ્યાઓની મુદ્દત વધુ ૧ વર્ષ વધારી આપવા દરખાસ્ત કરેલ છે, સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ય વિચારણા અંતે વંચાણે લીધેલા ક્રમ (૧) થી કિશોરીઓ માટે બોટાદ, બનાસકાંઠા અને વલસાડ જિલ્લામાં ૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચીલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ (કિશોરીઓ માટે) શરૂ કરવાની માટે જે કુલ-૫૧ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ હતી, તે પૈકીની નીચે મૂજબની કુલ-૧૮ હંગામી જગ્યાની મુદ્દત તા.૨૮/૨/૨૦૨૩ સુધી લંબાવવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | વર્ગ | મંજુર થયેલ જગ્યા |
|---|---|---|---|
| ૧ | ઓફિસ ઇન્ચાર્જ/સુપ્રિન્ટેન્ડન્ટ(પાંચ વર્ષ ફિકસ પગારથી ત્યારબાદ નિયમિત પગાર ધોરણ) | ૩ | ૩ |
| ૨ | જુ.ક્લાર્ક (પાંચ વર્ષ ફિકસ પગારથી ત્યર બાદ નિયમિત પગાર ધોરણમાં) | ૩ | ૩ |
| ૩ | એમ.બી.બી.એસ ડોકટર (પા.ટા./સ્વૈચ્છિક) | - | ૩ |
| ૪ | એજ્યુકેટર(શિક્ષણ) (પા.ટા./સ્વૈચ્છિક) | - | ૩ |
| ૫ | આર્ટ એન્ડ ક્રાફ્ટ કમ મ્યુઝિક ટીચર (પા.ટા./સ્વૈચ્છિક) | - | ૩ |
| ૬ | પી.ટી. કમ-યોગા ટીચર (પા.ટાઇમ/સ્વૈચ્છિક) | - | ૩ |
| | | | કુલ-૧૮ |

જ્યારે બાકીની નીચેની મૂજબની ૧૧ માસ માટે આઉટસોર્સની કુલ-૩૩ જગ્યાની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૨ થી વધુ ૧૧ માસ માટે ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન ભરી દેવાની શરતે મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજુર થયેલ જગ્યા |
|---|---|---|---|
| ૧ | પરામર્શક (કાઉન્સેલર) | ૩ | ૩ |
| ૨ | પ્રોબેશન ઓફિસર/ચાઇલ્ડ વેલફેર અધિકારી/કેસવર્કર | ૩ | ૩ |
| ૩ | હાઉસ મધર કે હાઉસ ફાધર(ગૃહમાતા/ગૃહપિતા) | ૩ | ૬ |
| ૪ | પેરા મેડીકલ સ્ટાફ | ૩ | ૩ |
| ૫ | કુક (રસોઇયા) | ૪ | ૬ |
| ૬ | હેલ્પર/ગાર્ડ | ૪ | ૬ |
| ૭ | હાઉસ કીપર | ૪ | ૬ |
| | | | કુલ-૩૩ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૬.૦૫.૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કિરેન શુક્લ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બોટાદ/બાનાસકાંઠા/વલસાડ/ ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.